# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૦/૦૬/૨૦૨૫ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૮૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૬૧ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૧૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૦૭ બિયર ટીન, ૦૧ ટ્રાવેલ્સ બસ, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૧૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૯૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાની ચેઇન તોડી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૭૯૧/૨૦૨૫**

**ચાંદખેડાઃ** કાંતીલાલ ભીખાભાઈ સોલંકી (ઉ.વ.૬૩)(રહે.અમી મંગલ–૫, ત્રાગડ રોડ, હિમાલીયા પીનાકીન સામે ચાંદખેડા) તા.૦૮/૦૬/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નિલકંઠ ફલેટ સામે સત્યા સ્કવેરની બાજુમાં માનસરોવર રોડ ઉપર ચાલતા પસાર થતા હતા ત્યારે એક મોટર સાઈકલ ઉપર આવેલ બે પુરૂષ કાંતીલાલના ગળામાં પહેરેલ સોનાની ચેઇન પેડલ સહિત કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/– ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કાંતીલાલ સોલંકીએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૭૯૨/૨૦૨૫**

**શાહીબાગઃ** દિલિપભાઈ રામજી ઠાકોર (ઉ.વ.૫૧)(રહે. ન્યુ લક્ષ્મીનગર ઘોડા કેમ્પ, શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૬/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશભાઇ ભીખુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી